## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન તમે ઉનાળામાં ચંપલ આપી ગયા હતાં તે લઈ જાવ... હવે છત્રીની જરૂર છે..

# છત્રાલમાં જુની અદાવતમાં આધેડની કરપીણ હત્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક કલોલના છત્રાલ ખાતે ચાર માસ અગાઉ હિન્દુ-મુસ્લિમ વચ્ચે થયેલ જુથ અથડામણની અદાવત રાખી ૭ જેટલા શખ્સોએ ગત મોડી રાત્રે પટેલ સમાજના આધેડ પર તિક્ષ્ણ અને બોથડ હથિયારો વડે જીવલેણ હુમલો કર્યો હતો અને આધેડને મોતને ઘાટ ઉતારી દિધો હતો. આ આખી ઘટનાને લઈ પરિવારજનોએ કલોલ સિવિલ હોસ્પિટલમાં મૃતકનો મૃતદેહ સ્વીકારવાની ના પાડતા હાલ કલોલમાં પરિસ્થિતિ તંગ બની છે. સમગ્ર મામલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી જઈ કાર્યવાહી હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના કલોલ પાસેની છત્રાલ જીઆઈડીસી આવેલી છે. જ્યાં ચાર માસ અગાઉ છત્રાલ ગામે હિન્દુ-મુસ્લિમ વચ્ચે જુથ અથડામણ થઈ હતી જે ઝઘડાની અદાવત રાખી કેટલાક શખ્સોએ ફેક્ટરી માલિક અશોકભાઈ રણછોડદાસ પટેલને તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ભારે ઈજાઓ થતા ઘટનાસ્થળે જ તે આધેડનું કરૂણ મોત નિપજ્યુ હતુ. આ ઘટનાને લઈ સમગ્ર વિસ્તારમાં મોડી રાત્રે પરિસ્થિતિ ભારે ગંભીર બની ગઈ હતી. કલોલ તાલુકા પોલીસે આ મામલે ગુનો નોંધી મૃતકના મૃતદેહને કલોલ સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. જ્યાં મૃતકના પરિવારજનોએ આરોપીઓ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ ન લેવાનું જણાવી હોસ્પિટલમાં જ ધરણા પર બેસી ગયા હતા. બીજી તરફ આ કરપીણ હત્યાની ઘટના બનતા સમગ્ર કલોલમાં બજારોની દુકાનો પણ બંધ કરાવવામાં આવી હતી અને રસ્તાઓ પર ચક્કાજામ કરવામાં આવ્યુ હતુ. પોલીસે પણ તાબડતોબ કાર્યવાહી કાર્ય કરી આરોપીઓને પકડી પાડવા પોલીસ ટીમો કામે લગાવી દિધી હતી. જો કે પોલીસે હજુ સુધી આરોપીઓને મૃતકના પરિવારજનોને બતાવ્યા નથી આથી પરિવારજનો હજુ પણ હોસ્પિટલમાં જ બેઠા છે. જેથી સમગ્ર કલોલમાં હાલ પરિસ્થિતિ ભારે તંગ બની રહી છે.

**આ ઘટનાને લઈ છત્રાલ સહિત કલોલમાં સ્થિતિ ભારે તંગ : મૃતકના પરિવારજનોનો આરોપીઓ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર**

# જુના સચિવાલયમાં કચરાના ઢગ ખડકાયા

ગાંધીનગર, તા. ૨૫

સ્વચ્છતા સર્વેક્ષણમાં સારો દેખાવ કરવાની ગુલબાંગો વચ્ચે ગાંધીનગરમાં ઠેર ઠેર કચરાના ઢગ ખડકાયા છે. રાજ્યની મોટાભાગની વહીવટી કચેરીઓ જ્યાં આવેલી છે તે ડૉ. જીવરાજ મહેતા ભવનમાં જ કચરાના મોટા મોટા ઢગ ખડકાયા છે અને દુર્ગંધથી કર્મચારીઓ પરેશાન છે ત્યાં શહેરના અંતરિયાળ વિસ્તારની તો વાત જ શુ કરવી. સ્વચ્છતા અભિયાનના અહીં લીરેલીરા ઉડ્યા છે.



રાજ્યના પાટનગરની ગરિમાને ઠેરઠેર ફેલાયેલો કચરો અને ગંદકી લાંછન લગાડી રહ્યા છે. વીઆઈપી વિસ્તારોને બાદ કરતાં જ્યાં નજર કરો ત્યાં કચરો જ કચરો જોવા મળે છે. સ્વચ્છતા સર્વેક્ષણમાં ભલે ગાંધીનગરનો રેન્ક ઉંચો આવ્યો હોય પરંતુ વાસ્તવિકતા સાવ જુદી છે. અહીં રહેલા વસાહતીઓ ગંદકી અને કચરાથી પરેશાન થઈ ચુક્યા છે. મંત્રીઓ અને ધારાસભ્યોની અવરજવર રહેતી હોય તેવા વિસ્તારોને બાદ કરતાં તમામ વિસ્તારોમાં કચરાના ઢગલાં જોવા મળે છે. ડૉ. જીવરાજ મહેતા એટલે કે જુના સચિવાલય કેમ્પસમાં પણ જ્યાં ત્યાં કચરો ખડકાયેલો જોવા મળે છે. નિયામક અને કમિશ્નર કક્ષાની મોટાભાગની કચેરીઓ જ્યાં આવેલી છે તે જુના સચિવાલયની સફાઈ પ્રત્યે ભારે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. કચેરીઓમાં તો સફાઈમાં ધાંધિયા જ કરવામાં આવે છે પરંતુ સચિવાલય પરિસરમાં પણ જ્યાં નજર કરો ત્યાં કચરો જોવા મળે છે. પ્લાસ્ટીક પર પ્રતિબંધના દાવા કરવામાં આવે છે પરંતુ અહીં પ્લાસ્ટીકના ઝભલા, કપ અને વેફરના પડીકા ઠેર ઠેર ઉડતા જોવા મળે છે. ખાસ કરીને કેન્ટીનની પાછળનો ભાગ તો જાણે કચરાપેટીમાં ફેરવાઈ ગયો છે. દિવસો સુધી અહીં કચરો ઉપાડવામાં આવતો નથી. જેના કારણે અહીં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. કર્મચારીઓ અને અધિકારીઓને અહીં નાછૂટકે ભારે દુર્ગંધ સહન કરવી પડે છે. ગંદકીના કારણે કર્મચારીઓનું સ્વાસ્થ્ય પણ જોખમાયુ છે.

**ગુજરાતની મોટાભાગની વહીવટી કચેરીઓ જ્યાં બેસે છે તે ડો. જીવરાજ મહેતા ભવનમાં ગંદકી અને કચરાના ઢગ : સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડ્યા : ગંદકી અને દુર્ગંધથી કર્મચારીઓ ત્રાહિમામ**




# સિવિલમાં ટપકતી છત શોધીને તંત્ર દ્વારા રીપેર કરાશે

ગાંધીનગર, તા.૨૫

પાટનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલની ટપકતી છત શોધવાનું કામ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. વરસાદી પાણી



વોર્ડમાં કે દર્દીના બેડ પર ટપકે નહીં તેની માટે ખાસ આગોતરુ આયોજન તંત્ર દ્વારા હાથ ધરાયું છે. ગત્ વર્ષે ટપકતી છતને પગલે ડોલ તેમજ વાસણ મુકવાનો વારો આવ્યો હતો. તેમજ ગત્ વર્ષે વરસાદી પાણી વોર્ડમાં ફરી વળતા દર્દીઓ અને સ્ટાફને ભારે હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો હતો. ત્યારે હાલના તબક્કે સિવિલ અને મેડીકલ કોલજની તમામ ટપકતી છત શોધીનો તેનું રીનોવેશનનું કામ હાથ ધરવામાં આવશે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આધુનિક બનાવાઈ છે. પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર બિલ્ડીંગ લાખો રૂપીયાનો ખર્ચે કરીને બનાવાઈ છે. પરંતુ ચોમાસાની સિઝનમાં વરસાદી પાણી છત પરથી ટપકવાનો સિલસિલો યથાવત રહે છે. કેટલાક વોર્ડમાં પાણી ટપકતા દર્દીઓ પણ લપસી પડે તેવી સ્થિતિ ઉભી થાય છે. જયારે પાણી ટપકતા હોવાથી ડોલ કે અન્ય વાસણ મુકવામાં આવે છે અને તે ભરાઈ ગયા બાદ ઢોળી દેવામાં આવે છે. વરસાદી પાણી ટપકતા હોવાથી સ્ટાફ તેમજ દર્દીઓ હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે હાલના તબક્કે પ્રિ-મોન્સુન પ્લાનની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જેમાં દરેક વોર્ડ, ઓપીડી બિલ્ડીંગ, લેબ, જુનુ બિલ્ડીંગ, ઓટી, હોસ્ટેલ, મેડીકલ કોલેજ, સહિતના સ્થળ પર જઈને ટપકતી છત વિશે પુછવામાં આવે છે અને જે સ્થળ પર પાણી ટપકતું હશે ત્યાં રીનોવેશન કરીને પાણી ટપકતું બંધ કરી દેવામાં આવશે. ચાલુ વર્ષે વરસાદી પાણી સિવિલમાં કોઈ સ્થળે ટપકે નહીં તે માટે તંત્ર દ્વારા માઈક્રોપ્લાનીંગ કરાયું છે.

## કોમ્પ્યુટર એન્જીનીયરીંગમાં ૯૦ ટકા હાંસલ કરતો સે-૨૭નો સોહમ વ્યાસ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના ભાટ ખાતે સ્થિત કોમ્પ્યુટર એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા અને સેકટર-૨૭ના રહેવાસી વિદ્યાર્થી સોહમ વ્યાસે ૯૦ ટકા સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.




શહેરના યુવા વિદ્યાર્થી સોહમ વ્યાસ ભાટ ખાતે જીટીયુ સંલગ્ન કોમ્પ્યુટર એન્જીનીયરીંગ સંસ્થામાં ડિગ્રી એન્જીનીયરીંગમાં અભ્યાસ કરે છે અને તેમણે આખરી આઠમા સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. તાજેતરમાં જીટીયુ દ્વારા જાહેર કરાયેલા ઓનલાઈન પરિણામમાં સોહમ વ્યાસને ૯૦ ટકા ગુણ પ્રાપ્ત થતા સમગ્ર કોલેજ સંકુલ, પરિવાર તથા મિત્ર વર્તુળમાં ખુશાલી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગરના બ્રહ્મસમાજના અગ્રણી ઉમેશભાઈ વ્યાસના પૌત્ર તથા વરિષ્ઠ પત્રકાર મિલનભાઈ વ્યાસના પુત્ર સોહમ વ્યાસ સાયબર સિક્યુરિટીમાં પોતાની કારકિર્દી ઘડવા માંગે છે. સોહમે તેની આ સફળતાનો યશ તેના દાદી વિદ્યાબેન તથા માતા જિજ્ઞાસાબેનના સતત પ્રોત્સાહનને આપ્યો હતો.

# પનઘટના કલાકારો દ્વારા સેવાકીય પ્રવૃત્તિ

ગાંધીનગર, તા. ૨૫

કલાક્ષેત્રે જાણીતી સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ જરૂરીયાતમંદ બાળકોને નોટબુક અને ચોપડાનું વિતરણ કરી સેવાની જ્યોત જલાવી છે. કલાકારોએ તેમને મળેલા પુરસ્કારની રાશીમાંથી આ સેવાકીય કાર્ય કરી અન્યોને પ્રેરણા પુરી પાડી છે.




ગાંધીનગરની સાંસ્કૃતિક ક્ષેત્રે કાર્ય કરતી અગ્રણી સંસ્થા પનઘટ કલા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા સાણંદ તાલુકાના ઈયાવા અને વીરપુરા ગામે જરૂરિયાતમંદ બાળકોને ૧૦૦૦ નંગ ચોપડા તથા ૧૨૦૦ નંગ નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલ અને તેમના કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિની સાથે સાથે સામાજીક પ્રવૃત્તિઓ પણ અવારનવાર કરવામાં આવે છે. આ અંતર્ગત ગુજરાત કોલેજના પ્રાધ્યાપક ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અને ઈયાવાના સરપંચ સાગરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલની સાથે તેમના કલાકારો અનુપા પંડ્યા, હિર શુકલ, ભવ્યા ભટ્ટ, ધરતી કંદોઈ, વૈદેહી પંડ્યા, ભૂમી દવે, હની ચીતરીયા અને હિમાંશી ઓડેદરા આ સેવા કાર્યમાં જોડાયા હતા.

# શાળાઓમાં આચાર્યની ભરતી અંગે સંચાલક મંડળની માર્ગદર્શન શિબિર યોજાઈ

વિવિધ શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા અંગે ગાંધીનગર જિલ્લા ગ્રાન્ટેડ-નોન ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળ દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ તથા નાયબ નિયામક દિનેશભાઈ પટેલ તેમજ અખિલ ગુજરાત રાજય શાળા સંચાલક છણાવટ કરી હતી. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા સંચાલક મંડળના આચાર્ય ભરતી માર્ગદર્શન સેમીનાર તથા ગાંધીનગર જિલ્લાના બંન્ને




માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ભરતી ટુંક સમયમાં કરવામાં આવનાર છે. આ ભરતી પ્રક્રિયાના નિયમો, ધારાધોરણો અને સમગ્ર પ્રક્રિયાની સમજણ આપવા શાળા સંચાલકો માટે માર્ગદર્શન શિબિરનું આયોજન મધુરડેરીના હોલ ખાતે કરવામાં આવ્યું હતું. ગુજરાત મહામંડળના પ્રમુખ નારણભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા ગ્રાન્ટેડ-નોનગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળના પ્રમુખ ડો. શંકરસિંહ રાણા, ગાંધીનગર જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ બાબુભાઈ પટેલ, મહામંત્રી સંજયભાઈ રાવલ, અને ડાહ્યાભાઈ રાવલે આ પ્રક્રિયામાં સંભવિત મુશ્કેલીઓ અને તે બાબતે મંડળ દ્વારા કરવાની રજુઆત વિશે સંચાલક મંડળના એકત્રીકરણ માટેની સાધારણ સભામાં મોટીસંખ્યામાં શાળા સંચાલકો એ હાજર રહી જિલ્લામાં એક જ સંચાલક મંડળ કાર્યરત રાખવાના પ્રસ્તાવને સર્વાનુમતે વધાવી લીધો હતો. જિલ્લા સંચાલક મંડળના અધ્યક્ષ તરીકે સુરેશભાઈ વી. પટેલ, પ્રમુખ તરીકે ડો. શંકરસિંહ રાણા તેમજ મહામંત્રી તરીકે સંજયભાઈ રાવલની ઉપપ્રમુખ તરીકે વરણી કરાઈ છે.

# સેક્ટર-૧૬માં શાળામાં ૧૦૮ની ટીમે શાળા સલામતી અંગે માર્ગદર્શન આપ્યું

ગાંધીનગરમાં શાળા સલામતી સપ્તાહનો પ્રારંભ થયો છે. આજે સેક્ટર-૧૬માં સરકારી પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા શાળા સલામતી સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત ૧૦૮ ઈમર્જન્સી સેવાની ટીમે બાળકોનું માર્ગદર્શન કર્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા શાળા સલામતી સપ્તાહ ૨૦૧૮નો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજયમાં કુદરતી હોનારતો જેવી કે ભૂકંપ, પૂર, વાવાઝોડુ, સુનામી ઉપરાંત બની જાય છે. આ બાબતે જાગૃતિ ફેલાવવાના આશયથી ગુજરાત રાજય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા શાળાના બાળકો તથા શિક્ષકો માટે શાળા સલામતી સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત સેકટર-૧૬માં સરકારી પ્રાથમિક શાળામાં સે. ૧૭ની ૧૦૮ની ટીમે બાળકોને તેમની કામગીરીનું નિદર્શન કર્યુ હતુ. આ સાથે તેમણે સુરક્ષાના વિવિધ સાધનો તથા તેના ઉપયોગ અંગે



માનવસર્જિત આફતો જેવી કે આગ, રોડ અકસ્માત, રેલવે અકસ્માત, ઔદ્યોગિક અકસ્માત જેવી સ્થિતિમાં શાળા સલામતી ખૂબ જ અગત્યની તલસ્પર્શી માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે ૧૦૮ના મહત્વ અંગે શાળાના આચાર્ય અરૂણભાઈ પટેલે બાળકોને સમજણ આપી હતી.

# ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ગાંધીનગર તાલુકા-શહેર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ નવનિયુકત કર્મચારીઓનો સન્માન સમારોહ ગતરોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે રાત્રે ૮ કલાકે યોજાયો હતો. આ સન્માન સમારોહમાં વિદ્યાર્થીઓને શિલ્ડ આપી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ-વાલીઓ સહિત ઠાકોર સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.



ગાંધીનગર ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગાંધીનગર તાલુકા અને શહેરી વિસ્તારમાં રહેતા અને ધોરણ-૧૦ તેમજ ૧૨માં સારા ગુણ મેળવી પાસ થયેલા હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ ગતરોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર તાલુકા ઠાકોર સેનાના પ્રમુખ ગોંવિદજી ઠાકોર અને શહેર પ્રમુખ રાહુલજી ઠાકોર અને અન્ય હોદેદારોના હસ્તે ધો-૧૦ ના ૭૧ તેજસ્વી તારલાઓ અને ધો-૧૨ ના ૪૨ તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નવનિયુકત ભરતીમાં સરકારી નોકરીમાં લાગેલા સમાજના ૩૫ યુવાનોને પણ શાલ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.